
# Fun with Family

Day-36 | 04 May, 2020




બાળમિત્રો, બાળમિત્રો, બાળમિત્રો...
આજે
એકાદશી છે...
તો જો જો આજે...
દાળ, ભાત, રોટલી ને
No.. No.. No..
આજે તો ફકત ફળાહાર
DO NOT EAT
રોટલી
દાળ-ભાત
FUN WITH FAMILY

## “FWF SONG”




વિકીપીડિયા કહે, ‘હું બધું જાણું છું…’
ગુગલ કહે, ‘હું જે કહો તે શોધી આપું છું…’
ફેસબુક કહે, ‘હું બધાયને ઓળખી બતાવું છું…’
Fun With Family કહે, ‘હું પરિવારમાં સંપ વધારું છું…
સૌને આનંદ કરાવું છું…’
Fun With Family ના કારણે જ…
અમારો પરિવાર બન્યો, સંપીલો પરિવાર.
Fun With Family નો ખૂબ ખૂબ આભાર.



## “દમ લગા કે હૈ…સા…”

બાળમિત્રો, આપણને તંદુરસ્ત રાખે
તેવી થોડી કસરત શીખીએ…
લીંક દબાવો અને કસરત શીખો…

https://bit.ly/3cOUPcS

## “P-R-A-Y-E-R”

આખા વિશ્વની રક્ષા ભગવાન કરે
અને સૌ કોઈ સુખી થાય
તે માટે ભગવાનને પ્રાર્થના કરીશું…
ઘરમંદિરમાં ત્રણ ઘીના દીવા કરી
લીંક દબાવી પ્રાર્થનામાં જોડાઈએ…

https://bit.ly/2Wm7kJx



## “સફાઈ સેવક”

બાળમિત્રો, ‘સફાઈ સેવક’ ની
પટ્ટી પહેરી સજ્જ થઈ જાઓ...
આજે આપણે ઘરના તમામ
સંડાસ-બાથરૂમની સફાઈ કરવાની છે...
Good Luck...





## “રાષ્ટ્ર ધ્વજ”

બાળમિત્રો, અહીં જુદા જુદા
દેશના રાષ્ટ્રધ્વજ મૂકવામાં આવ્યા છે...
આપણે તે રાષ્ટ્રધ્વજ દોરીશું અને
તે કયા દેશનો રાષ્ટ્રધ્વજ છે તે લખીશું...
આમાં એક રાષ્ટ્રધ્વજ દોરવાનો ભૂલી ગયા છીએ...
તમે દોરીને બતાવો કે તે કયો હશે ?

# "Save Power"

હવે, ઘરના બધા સભ્યો કુંડાળે બેસી
એક અગત્યની મીટીંગ કરીશું...
અને તેમાં ચર્ચા કરીશું કે...

**(૧) આપણું મહિનાનું લાઈટ બીલ કેટલું આવે છે ?**

**(૨) તે બીલ ઓછું આવે તે માટે શું કરવું જોઈએ ?**

**(3) ક્યાં ક્યાં વીજળીનો બગાડ થાય છે અથવા વધુ પડતો ઉપયોગ થાય છે ?**

**(૪) રોજ બધાને 'વીજળી બચાવો' આ યાદ રહે તે માટે શું કરીશું ?**





# "ગજબનું લીસ્ટ"

કાગળ-પેન લઈને તૈયાર થઈ જાઓ...
આપણે આજે એક ગજબનું લીસ્ટ તૈયાર કરીશું...
નીચે દેખાડ્યા પ્રમાણે લીસ્ટ બનાવો...

| No. | વસ્તુ | Quantity |
|---|---|---|
| 1 | સ્વીચ | 30 |
| 2 | સોકેટ | 05 |
| 3 | પંખા | 03 |
| 4 | ટ્યુબલાઈટ | 07 |
| 5 | બલ્બ | 15 |

# “મારો દેડકો”



ચાલો, આજે કાગળમાંથી એક
કૂદતો-નાચતો દેડકો બનાવીએ...
લીંક દબાવો અને શીખો...

https://bit.ly/3bXS2Be





# “unbelievable”

એક નાનકડા કાગળના ટુકડામાંથી કેવા કેવા
ચમત્કાર દેખાડી શકાય તે શીખીએ
અને બધાને દેખાડીએ...
લીંક દબાવો અને શીખો...


https://bit.ly/3aY6F6u

# "Family Challenge"



ફરી એકવાર અફલાતુન
રમત હાજર છે...
લીંક દબાવો અને રમત
શીખીને પરિવાર સાથે રમો...

https://bit.ly/35qSXaZ




# "Quiz is Ready"

https://bit.ly/2zOxqNz | Guj.

https://bit.ly/2yl7JUs | Hin.

https://bit.ly/35qQLAh | Eng.


# "Commando Training"

ચાલો, એક રમત રમીએ અને આનંદ-આનંદ કરીએ...
મસ્તી કરીએ... ધમાલ કરીએ...
લીંક દબાવો અને રમત રમો...

https://bit.ly/2yokJZt



# આવું તો આજે જ જાણ્યું !



નાનકડું હમિંગ બર્ડ દર ૧૦ મિનિટે ખોરાક લે છે. તે દરરોજ પોતાના શરીર કરતાં બમણા વજનનો ખોરાક ખાય છે.



વિશ્વમાં એકમાત્ર ઝેરી પક્ષી ઇન્ડોનેશિયાની બાજુમાં આવેલા પમુઆ ન્યુ ગીઆના દેશનું ટૂડેડ પિટોહૂઈ છે. તેનાં પીંછાંમાંય ઝેર હોય છે.



કોમન લૂન નામનું પક્ષી પાણીમાં ૭૬ મીટર કરતાંય વધુ ઊંડાઈએ ડૂબકી મારી માછલી પકડે છે.

કબૂતરોમાં નર અને માદા બંને પોતાનાં બચ્ચાંને દૂધ પીવડાવે છે. તેમના ગળામાં દૂધની ગ્રંથિઓ હોય છે, જેમાં ચાંચ નાંખીને બચ્ચાં દૂધ પીએ છે.





પફીન નામના પક્ષીની ચાંચમાં અંદરની તરફ વળેલા દાંત હોય છે.
દાંતવાળું આ એક માત્ર પક્ષી છે.



ઠંડા પ્રદેશોના સ્નોવી ઓલ્સ (ઘુવડ) પોતાની ડોક ૩૮૦ અંશના ખૂણે એટલે કે સંપૂર્ણ વર્તુળાકાર ફેરવી શકે છે.



માલીફાઉલ નામનું પક્ષી જમીન પર ઉકરડા જેવો જંગી માળો બાંધે છે.
જેમાં સડેલાં પાનની ગરમીથી તેનાં ઈંડાં સેવાય છે.




## "My Guru, My Life"

બાળમિત્રો, ચાલો આજે આપણા વ્હાલા ગુરુહરિ
મહંતસ્વામી મહારાજના દર્શન કરીએ...
આપણને બાળકોને તો સ્વામીશ્રી બહુ મીઠા મીઠા
લાગે છે...હે ને..???


https://bit.ly/2WqbNep

# આ તે વળી કેવું !




**૧.**

અહીં કેટલાં પ્રાણીઓ દેખાય છે ? ૨, ૪, ૫ કે ૬ ?



**૨.**

કહો આ ભાઈ કઈ તરફ જોઈ રહ્યા છે ? સામે કે બાજુમાં ?




**૩.**

ફટાફટ કહી દો કે બાજુમાં આપેલ ચિત્રમાં કેટલાં વર્તુળ છે ?


૧. કુલ ૬ પ્રાણીઓ દેખાય છે.
૨. સામે અને સાઇડમાં. (બંને બાજુ)
૩. ૧૨૮ વર્તુળ દેખાય છે.

# ચવક્રીત

Story Time




વૈદિક સમયમાં ભારદ્વાજ નામના ઋષિ થઈ ગયા. તેઓ ખૂબ જ વિદ્વાન્ હતા. તેમને એક પુત્ર હતો. તેનું નામ ચવક્રીત હતું. તેને વેદવિદ્યા ભણવાની ખૂબ જ ઈચ્છા હતી. તે હંમેશાં બોલતો રહેતો, 'મારે વેદવિદ્યા ભણવી જ છે.'




પરંતુ, શું બોલવાથી વિદ્યા વરે? ચવક્રીત ખૂબ જ આળસુ હતો. પિતા તેને ખૂબ જ સમજાવતા હતા, પણ તે આળસ છોડતો જ ન હતો.

એકના એક લાડકવાયા પુત્રની કુટેવ સામે ઋષિ પણ લાચાર હતા.



એવામાં એકવાર ભારદ્વાજ ઋષિને આંગણે એક અતિથિ આવ્યા. અતિથિને જોઈને ચવક્રીત ખૂબ જ આનંદમાં આવી ગયો. કારણ કે તે અતિથિ સ્વર્ગના રાજા ઈન્દ્રદેવ હતા.

બાળમિત્રો, અહીં આપેલી વાર્તા આપણે આજે તૈયાર કરવાની છે અને Action સાથે મમ્મી-પપ્પા સામે રજૂ કરવાની છે.




ચવક્રીત કહે, 'મારે વેદવિદ્યા ભણવી જ છે. આશીર્વાદ આપો.' ઈન્દ્રદેવે પિતા પાસેથી બધી જ હકીકત જાણી હતી. તેથી તેમણે ચવક્રીતને સુધારવા એક યુક્તિ ઘડી. અને કહ્યું, 'કાલે ગંગા કિનારે આવજે તને રહસ્ય સમજાવીશ.'

બીજે દિવસે સવારે વહેલાં ઊઠી, ચવક્રીત ગંગા કાંઠે પહોંચી ગયો. જોયું તો ત્યાં એક ઋષિ કેરીના ઝાડ નીચે બેઠા હતા.

તેઓ વારંવાર બોલતા હતા, 'મારે કેરી ખાવી જ છે.' સામે કેરીઓ પડી હતી છતાં તે ખાતા ન હતા. ચવક્રીતે કંટાળીને કહ્યું, 'ખાવી હોય તો પ્રયત્ન કરો. હાથ લાંબો કરો. આમ બોલ બોલ કરવાથી કેરી નહીં મળે.'






ઋષિ કહે, 'બોલ બોલ કરવાથી વેદવિદ્યા મળતી હોય, તો કેરી કેમ નહીં !' આ સાંભળી ચવક્રીત શરમાઈ ગયો. તેણે પૂછ્યું, 'તમે કોણ ?'

પછી ઋષિએ રૂપ બદલ્યું. કારણ કે ઈન્દ્રદેવ જ રૂપ બદલીને આવ્યા હતા. ચવક્રીતે ઈન્દ્રદેવની માફી માંગી, મહેનત કરવા વચન આપ્યું. સમય જતાં તે વેદવિદ્યાનો વિદ્વાન બન્યો.

**યાદ રાખજો આ વાર્તા આજે મમ્મી-પપ્પા સામે રજૂ કરવાની છે.**

# Curse the Chana



There was a Brahmin who loved his food. He was once invited to a special feast for Brahmins. Overjoyed, the Brahmin began to count the days until the feast.




Soon, the day of the feast arrived. The Brahmin bathed and completed his morning prayers. He would have to walk 10 km to get to the feast. So the man packed a bag of chana to take with him and started on his way.




"After so long, I'll get to enjoy a feast! There'll be juicy ladus and so much more!" The Brahmin was walking as fast as he could. But he was also starving. He helped himself to some chana along the way.

**Friends, today you have to prepare this story and present it to the parents.**


The chana tasted great! Slowly, slowly, while walking, he ended up finishing off the whole bag of chana. But now he was really thirsty. As soon as he saw a river along the way, he knelt down and filled his stomach with the cool water.





Soon the Brahmin arrived at the feast. The smell of the tasty food was enough to make his mouth water. He quickly sat down to eat. All the special items, like the juicy ladus, were served.

Everyone began to eat. But this Brahmin just could not eat. His stomach was filled with chana and water! He began to slap his belly and cry, “Oh the chana! Curse the chana! Because of them I won’t be able to eat any of this tasty food!” The Brahmin left the feast without being able to enjoy any of the food.



Moral: Learn to control one’s mind. If we are patient we can enjoy many things in life. If we fill our minds with bad company or kusang, we’ll never be able to enjoy the true taste of Satsang. We’ll have to curse ourselves like the Brahmin.

**Remember, you have to perform this story in front of Mom and Dad.**


















Friends, આપને ખૂબ જ આનંદ થશે કે...
"Fun with Family" ની બધી activity દેશ-વિદેશમાં
રહેતા આપણા બાળમિત્રો ખૂબ જ સારી રીતે કરી રહ્યા છે...
તો આવો... તે સૌ બાળમિત્રોએ અને તમે મોકલેલા
ફોટોગ્રાફ્સને જોઈએ અને આનંદ કરીએ...
નીચેની લીંક દબાવવાથી આપ તે બધા જ ફોટોગ્રાફ્સ જોઈ શકશો.

https://bit.ly/2zaa9Ft



# આપનો ડૉક્ટર મિત્ર

## અને હા...
## આટલું તો ખાસ ધ્યાન રાખીશું...



ઉધરસ/છીંક આવે
તો રૂમાલ રાખીને ખાશો.



ઘરમાં એકબીજા સભ્યોથી
દૂર રહો.



દર ૨૦ મિનિટે સાબુથી
ઘસીને હાથ ધોઈ
નાંખશો.



ઘરની બહાર નીકળવું
નહિ.



આંખ, મોઢું, નાકને સ્પર્શ
કરવાનું ટાળો.

નોંધ : બાળમિત્રો, આપના દ્વારા થતી પ્રવૃત્તિના સુંદર ફોટોગ્રાફ્સ રોજ અમને પ્રાપ્ત થાય છે. જ્યારે આપ ફોટા મોકલો ત્યારે **નીચેની લીંક** પર જે રીતે માર્ગદર્શન આપવામાં આવ્યું છે તે જ રીતે ફોટા મોકલશો. ફોટાની અંદર જ **તમારે તમારું નામ અને શહેરનું નામ** લખીને મોકલવાનું રહેશે. જો તે પ્રમાણેનો ફોટો નહીં હોય તો અહીં **મૂકવામાં આવશે નહીં.** તેની અવશ્ય નોંધ લેશો. **( 9998999209)**

https://bit.ly/2UF4j7o

**વિશેષ નોંધ : ૧. એક્ટિવિટી દીઠ એક જ ફોટોગ્રાફ મોકલવો.**
**૨. આજની એક્ટિવિટી સિવાયની અન્ય બીજી કોઈ એક્ટિવિટી તે પ્રવૃતિના ફોટોગ્રાફ્સ મોકલીશું નહિં.**

**જય સ્વામિનારાયણ**

http://kids.baps.org | https://www.baps.org


પ્રયોજક : બાળપ્રવૃત્તિ મધ્યસ્થ કાર્યાલય, બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા, અમદાવાદ.
પ્રેરક : પરમ પૂજ્ય મહંતસ્વામી મહારાજ